

# જાદુઈ ગણિત

## (સરલ કદમ)

TOGETHER IN DEVELOPMENT AND EDUCATION
TIDE
FOUNDATION


## લેવલ ૨

(બુકલેટ 04)

વદ્દી અને દસકો

**૧. • વિદ્યાર્થીઓએ આપેલ ચિત્ર જમીન પર દોરવું.**
**• ત્યાર બાદ કોઈપણ એક વિદ્યાર્થીએ આવીને સૌથી નાના વર્તુળમાં વચ્ચે/કેન્દ્રમાં ઉભા રહેવું.**
**• ત્યાર બાદ તે વિદ્યાર્થીદોરેલ ચિત્ર પર કોઈ એક કાગળનો ડૂચોવાળીને તેને બે વાર ફેંકશે**
**• હવે દરેક વખતે જે સંખ્યા પર તે કાગળનો ડૂચો પડે તેને લખી લેવી અને ત્યાર બાદ તે બંને સંખ્યાઓનો સરવાળો તથા બાદબાકી કરવા**

**ઉદા: વિદ્યાર્થી સૂચનાઓ મુજબ એક પ્રયાસ કરી ૨૨+૧૫ = ૩૭મેળવે છે**



૨. • **અનુમાન લગાવી સંખ્યાઓ બોલો અને તેમનો સરવાળો / બાદબાકી કરો. આ રમત, બે બાળકો રમી શકે છે.પહેલું બાળક બીજા બાળકની પીઠ પરબે અંકની કોઈ પણ બે સંખ્યાઓ લખશે અને તે બીજા બાળકે તે બે સંખ્યાઓ કઈ છે, તેનો અંદાજો લગાવવાનો છે.**


• **ત્યારબાદ તે બીજુ બાળક તેની ચોપડીમાં આ બંને સંખ્યાઓનો સરવાળો અને બાદબાકી કરશે.**

• **હવે બીજું બાળક પહેલા બાળકે કરેલ  કામ કરશે અને પહેલું બાળક બીજા બાળકે કરેલ કામ કરશે. આમ આ પ્રવૃત્તિનું પુનરાવર્તન કરતા રહો.**



**૩. શૈલી , કોમલ, તાન્યા, મીરા અને નીમાને વ્યક્તિગત રીતે તેમની પોતાની સંખ્યાઓ આપવામાં આવી છે.**

| શૈલી | કોમલ | તાન્યા, | મીરા | નીમા |
|---|---|---|---|---|



| ૫૨ | ૨૯ | ૩૬ | ૭૫ | ૨૪ |
|---|---|---|---|---|

ક) શૈલી અને કોમલની સંખ્યાઓ નો સરવાળો કરો. દા.ત. ૫૨+૨૯ = ૭૧

ખ) તાન્યા અને ફલકની સંખ્યાઓ નો સરવાળો કરો.______________

ગ) તાન્યાની સંખ્યા અને ન્યૂટનની સંખ્યાનો સરવાળો કરો.______________

ઘ) કોમલની સંખ્યામાંથી શૈલીની સંખ્યાને બાદ કરો.______________

ઙ) ફલકની સંખ્યામાંથી તાન્યાની સંખ્યાને બાદ કરો.______________

ચ) શૈલીની સંખ્યામાં થી નીમાની સંખ્યાને બાદ કરો.__________

છ) આમાંથી કયા બે વ્યક્તિઓની સંખ્યાઓનો સરવાળો ૬૦ થશે? ____ અને ____

જ) આમાંથી કયા બે વ્યક્તિઓની સંખ્યાઓનો સરવાળો ૮૧ થશે? ____ અને ____

ઝ) આમાંથી કયા બે વ્યક્તિઓની સંખ્યાઓની બાદબાકી કરવાથી જવાબ ૭ આવશે?


____ અને ____

ઞ) આમાંથી કયા બે વ્યક્તિઓની સંખ્યાઓની બાદબાકી કરવાથી જવાબ ૨૩ આવશે?


____ અને ____

**૪. અહીં પાંચ જુથ છે.**


૧૩ ભારતીય




૯ ફ્રેન્ચ



૨૫ બ્રિટિશ



૯ પાકિસ્તાની



• અહીંયા ત્રણ કોચ છે. બધા લોકોએ કોચમાં જવાનું છે, પરંતુ કોઈપણ જૂથનાં સભ્યો છુટા પડવા ન જોઈએ. તેથી, ઉદા. તરીકે બધા જ ફ્રેન્ચ લોકો, એક જ કોચમાં હોવા જોઈએ.

| કોચ એ:<br>૩૭ સીટો, | કોચ બી:<br>૪૩ સીટો | કોચ સી:<br>૨૩ સીટો |
|---|---|---|









ક) કોચ એ માં કયા જૂથો જશે તે લખો.________________

ખ) કોચ બી માં કયા જૂથો જશે તે લખો________________

ગ) કોચ સી માં કયા જૂથો જશે તે લખો________________

**૫. આ ગ્રાફ જુદા જુદા શહેરોનું તાપમાન દર્શાવે છે. વિષ્ણુ, રામ, સમય અને રેખા પોતપોતાના શહરોનાં દિવસ તથા રાતનાં તાપમાન વિશે વાત કરે છે.**





ક)



ખ)

સમય:રેખા, તમારા શહેરનું તાપમાન દિવસે કેટલું હોય છે?

તે __________ હોય છે. તમારા શહેરનું તાપમાન દિવસે કેટલું હોય છે? શું તે વિષ્ણુનાં શહેરનાં તાપમાન કરતા વધારે હોય છે કે ઓછું? કેટલો તફાવત હોય છે તમારા અને વિષ્ણુનાં શહેરનાં દિવસનાં સમયગાળાનાં તાપમાન વચ્ચે ?



રેખા



સમય

તે _________ હોય છે. તે વિષ્ણુનાંશહેર કરતા _______ હોય છે. તે બંને શહેર વચ્ચેનાં તાપમાનનો તફાવત _____ હોય છે.

ગ)

રેખા, રાત્રે તમારાશહેરનું તાપમાન કેટલુ હોય છે?

_______હોય છે.તમારાશહેરનું તાપમાનરાત્રે કેટલુંહોય છે? શું તે મારાશેહેર કરતા વધારે હોય છે કે ઓછું? કેટલો તફાવત હોય છે આપણા બંનેનાં શહેરોનાં રાતનાં તાપમાન વચ્ચે?



રામ

તે ______ હોય છે. તે તમારા શહેર કરતા _____ હોય છે. તે તફાવત _________નો હોય છે.



રેખા

ઘ)

વિષ્ણુ,રાત્રે તમારા શહેરનું તાપમાન કેટલું હોય છે?

તે _______હોય છે.તમારા શહેરનું તાપમાનરાત્રે કેટલું હોય છે? શું તે મારા શહેર કરતા વધારે હોય છે કે ઓછું? કેટલો તફાવત હોય છે આપણા બંનેનાં શહેરોનાં રાતનાં તાપમાન વચ્ચે ?



સમય


તે _______ હોય છે. તે તમારા શહેર કરતા _____ છે. તે તફાવત _________નો



વિષ્ણુ

## ૬. આ એક હોટલમાં મળતી વસ્તુઓના ભાવ છે.

ભેળ ₹૧૮



સમોસા ₹૫૫




પાત્રા ₹૨૩



પાંવ ભાજી ₹૫૦



કુલ્ફી ₹૨૮




પિઝા ₹૮૦



પેસ્ટ્રી ₹૪૨



સેન્ડવિચ ₹૬૬



ક) લીનાએ તેના માતા-પિતા માટે પિઝા અને સેન્ડવિચ ખરીદ્યા

પિઝા _____₹

સેન્ડવિચ _____₹

કુલ કિંમત _____₹

ખ) લીનાએ ₹૧૦૦ ચૂકવ્યા છે, તો તેને કેટલા પૈસા પાછા મળશે? ________________

ગ)બિલ્લુ સમોસા, ભેળ અને પાંવ ભાજી ખરીદે છે.

સમોસા ___₹

ભેળ_____₹

પાંવ ભાજી ___₹

કુલ ભાવ ___₹

ઘ) બિલ્લુ એ ₹૧૦૦ ચૂકવ્યા છે, તો તેને કેટલા પૈસા પાછા મળશે? ____________

ઙ) બિલ્લુ બાકી ના પૈસામાંથી પીઝા ખરીદવા માંગે છે, શું તે વધેલા પૈસા માંથી પીઝા ખરીદી શકશે? ________

ચ) બિલ્લુ ને વધુ કેટલા પૈસાની જરૂર છે? _____

છ) મોનુ પાત્રાની ૨ પ્લેટ અને ૧ પેસ્ટ્રી ખરીદે છે.

પાત્રા_____ ₹

પેસ્ટ્રી ______₹

કુલ કિંમત _____₹


જ) તેને ₹૫૦ ચૂકવ્યા, તો તેને કેટલા પૈસા પાછા મળશે? _________

ઝ) મોનુએ ૩ પેસ્ટ્રી ખરીદી હતી, પરંતુ તેની પાસે માત્ર ₹૧૦૦ છે. તો શું તમને લાગે છે કે મોનુ ૩ પેસ્ટ્રી ખરીદી શકશે? _________

ઞ) મોનુને વધુ કેટલા પૈસાની જરૂર છે? _________

**૭. ચાર મિત્રો ખરીદી કરવા માટે એક દુકાન પર જાય છે. ત્યાં ભાવ આ પ્રમાણે છે.**


એક ટોપીનો ભાવ ₹૨૭ છે




એક બૉલનો ભાવ ₹33 છે




એક બેટનો ભાવ ₹૪3 છે



એક પતંગ નો ભાવ ₹૧૨ છે



એક ટીશર્ટનો ભાવ ₹૬૮ છે



ક) પાર્થે ૧ટી-શર્ટ અને ૧ ટોપી ખરીદે છે. તો, તે કેટલા પૈસા ચૂકવશે? __________

ખ) જો તેની પાસે ફક્ત ૫૦ રુપિયા જ હોય,તો તેશું ખરીદી શકશે? ______ તેને વધેલા કેટલા પૈસા પાછા મળશે? _________

ગ) સંહિતા ૧ બોલ અને ૧ બેટ ખરીદે છે. તે તેણીને કેટલા પૈસા ચુકવવા પડશે? _________

ઘ) તેણીની પાસે ₹૧00ની નોટ છે, તો તેને કેટલા પૈસા પાછા મળશે? __________


ઙ) વાસુ ૧ પતંગ,૧ ટી-શર્ટ અને ૨ બોલ ખરીદવા માંગે છે. તો તેને કેટલા પૈસાની જરૂર છે?_____ તેની પાસે ફક્ત ₹૧00 છે, તો તેમાંથી કઇ બે વસ્તુઓ તે ખરીદી શકે છે? ____ અને _____

ચ) ખરીદી કર્યા પછી, વાસુ પાસે ફક્ત ₹૨૦ બચે છે,તો કઈ બે વસ્તુઓ તેને ખરીદી હશે? _______ અને _______.

છ) આદિ ૧ટોપી અને ૨ બોલ/દડા ખરીદે છે. તો, તે કેટલા પૈસા ચૂકવશે? __________ ૧૦૦ માં તે કેટલા ઓછા છે? _________

## ૮. મગન દૂધનો મોટો વેપારી છે.






ક) રાજન તેની દુકાન માટે દૂધ ખરીદવા ગયો. તેને ૫૦૦મિલી/ml ની ૨૭ બોટલ અને ૨૫૦મિલી/ml ની ૨૫ બોટલ ખરીદી. તો, તેને કુલ મળીને કેટલી બોટલો ખરીદી? _________

ખ) જ્યારે તે તેને ખરીદીને લઈ જતો હતો, ત્યારે તેમાં થી ૧૩ બોટલો તૂટી ગઈ.હવેતેની પાસે કુલ કેટલી બોટલો બાકી રહી?_________

ગ) કાલે રાજનનાં ગામમાં એક મોટો ઉત્સવ છે. તેથી, તે દૂધ ખરીદવા ગયો. તેને ૧ લિટરની ૧૩ બોટલો, ૫૦૦મિલી/ml ની ૧૮ બોટલો અને ૨૫૦મિલી/mlની ૨૨ બોટલો ખરીદી.તો, કુલ મળીને તેને કેટલી બોટલો ખરીદી??_________

ઘ) તેને દુકાનદારને સૌથી નાની બોટલો પાછી આપી દીધી, હવે તેની પાસે કેટલી બોટલો બાકી રહી? _________

ઙ) દામુ રાજનની દુકાને દૂધ ખરીદવા ગયો.તેને ૫૦૦મિલી/mlની ૨૪ બોટલો અને ૨૫૦ મિલી/mlની ૩૭ બોટલો માંગી.તો કુલ મળીને તેને કેટલી બોટલો ખરીદી? _________


ચ) ઘરે જતી વખતે દામુ પડી ગયો અને તેનાથી ૫૦૦ મિલી/mlની ૫ બોટલો અને ૨૫૦ મિલી/ml ની ૮ બોટલો તૂટી ગઈ.તો હવે, તેની પાસે કુલ મળીને કેટલી બોટલો રહી ? _________

**૯. મિસ ખન્ના મોલમાં જાય છે. તેણી ત્યાં શું ખરીદે છે, તેની નોંધ લો અને જ્યારે તે પાછા આવે, ત્યારે તેમની પાસે કેટલા પૈસા બચ્યા છે તે કહો.**







ક) તેણીનાં પર્સમાં ₹૯૫ છે.



ખ) તેમને ભૂખ લાગી હતી માટે તેઓએ ₹૧૩નાં બિસ્કિટ ખરીદ્યા.




ગ) ત્યાર બાદ તે સર્કસમાં જાય છે અને ત્યાં ₹૧૦ ની પ્રવેશ ટીકીટ ખરીદે છે.



ઘ) તે એક નોટબુક પાછી આપે છે અને તેને કારણે તેમને ₹૧૨ પાછા/પરત મળે છે.



ઙ) તે ₹૫૮ના બૂટ ખરીદે છે.




ચ) ત્યાર બાદ તે ઘરે પાછા જાય છે અને તે માટે તેમને ₹૧૭ રિક્ષા માટે આપવા પડે છે

શું તમે કહી શકો છો કે હવે તેમની પાસે કેટલા પૈસા/રૂપિયા બાકી રહ્યા?

_______________

**૧૦. અભિ તેના મિત્રોએ કરેલા રન લખતો હતો. તેને કોષ્ટક બનાવીને બે ઈનિંગોના રન તેમાં લખ્યા.**

| નામ | પહેલી ઈનિંગ | બીજી ઈનિંગ |
|---|---|---|
| અભય | ૩૨ | ૪૮ |
| ધરતી | ૫૮ | ૩૩ |
| દિયા | ૨૬ | ૬૬ |
| જનક | ૩૯ | ૧૪ |
| નયન | ૭૫ | ૧૭ |



ક) અભયએ કુલ મળીને કેટલા રન બનાવ્યા? ________
ખ) દિયાએ કુલ મળીને કેટલા રન બનાવ્યા? __________
ગ) નયનએ કુલ મળીને કેટલા રન બનાવ્યા? __________
ઘ) ધરતીએ પોતાની પહેલી ઈનિંગમાં બીજી ઈનિંગ કરતા કેટલા વધુ રન બનાવ્યા છે?________
ઙ) દિયાએ પોતાની બીજી ઇનિંગમાં પેહેલી ઈનિંગ કરતાકેટલા વધુ રન બનાવ્યા છે?________.


---

**૧૧. એક નગરમાં ૩ સર્કસ આવેલા હતા.**



બીજા સર્કસનું વેચાણ:
૨૭વયસ્કની ટિકિટ
૨૨ બાળકોની ટિકિટ






પહેલા સર્કસનું વેચાણ
૩૫ વયસ્કની
૧૭બાળકોની ટિકિટ ટિકિટ


ત્રીજા સર્કસનું વેચાણ :
૪૬વયસ્કની ટિકિટ
૩૧ બાળકોની ટિકિટ

ક) પહેલા સર્કસ દ્વારા કુલ કેટલી ટિકિટો વેચવામાં આવી છે?_________
ખ) બીજા સર્કસ દ્વારા કુલ કેટલી ટિકિટો વેચવામાં આવી છે? _________
ગ) ત્ રીજા સર્કસ દ્વારા કુલ કેટલી ટિકિટો વેચવામાં આવી છે? _________
ઘ) બીજા સર્કસની સરખામણી એપહેલા સર્કસએ કેટલી વધુ વયસ્ક માટેની ટિકિટો વેચી?_________
ઙ) બીજા સર્કસની સરખામણી એ ત્રીજા સર્કસએ કેટલી વધુ બાળકો માટેની ટિકિટો વેચી?

_________

**૧૨. રાજુ અને માલતી આ રમત  રમી રહ્યા છે. તેમની પાસે બે પાસાઓ છે કે જેની દરેક બાજુ ઉપર ૫,૧૦,૧૫,૨૦,૨૫,30 એમ અંકોને અંકિત કરવામાં આવ્યા છે. રાજુ તે બંને પાસા નાંખે છે અને તેને ૧૦ અને ૨૫ આવે છે.**

૧૦ ૨૫ આથી તે ૩૫ પર પહોંચી શકશે




ક) જ્યારે માલતી બે પાસા ફેંકે છે, ત્યારે તેને ૫ અને ૧૫ આ આંકડાઓ આવે છે. તો, તે કયા નંબર પર પહોંચશે? ___________

ખ) રાજ 35 નંબર પર હતો. તે બે પાસા ફેંકે છે અને ૧૦ અને 30 મેળવે છે.

૧૦ 30 ડતેથી તે 35 સુધી પહોંચશે, જેમ કે ૩૫+૧૦+30 = ૮૦

ગ) માલતી ૨૦ પર હતી. તેણી ૧૫ અને ૨૦  મેળવે છે. તો, તે કઈ સંખ્યા પર પહોંચશે?

___________

ઘ) રાજ ૮૦ પર હતો. તેને ૫ અને ૧૦ મળે છે. તો, હવે તે કઈ સંખ્યા પર પહોંચશે? ___________

ઙ) માલતી ૬૫ પર હતી. તે ૨૦ અને ૨૫ મેળવે છે. તો, તે કઈ સંખ્યા પર પહોંચશે? ___________

**૧૩. ચાર મિત્રો કંઈક ચર્ચા કરી રહ્યા હતા. કેલેંડર બતાવી રહ્યું હતું કે આજે ૧૫મી જુલાઈ છે.**

**JULY**

| Su | Mo | Tu | We | Th | Fr | Sa |
|---|---|---|---|---|---|---|
| | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ |
| ૦૭ | ૦૮ | ૦૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ |
| ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | | | |

ક) આજથી ૯ દિવસ પછી સિયાનો જન્મદિવસ છે. તોસીયાનો જન્મદિવસ કઈ તારીખે આવશે ?____________

ખ) રાજ સિયા કરતા ૧૮ દિવસ નાનો છે. તો, રાજ નો જન્મદિવસ ક્યારે હશે?_____________

ગ) રાજે કહ્યું કે ક્રિકેટ ની ટુર્નામેન્ટ ૨૧મીથી શરૂ થશે. તોહવે તે ટુર્નામેન્ટ શરુ થવાનેકેટલા દિવસોની વાર છે ? _______________

ઘ) માયાએ જણાવ્યું કે તેનો પરિવાર ૬દિવસ પછી પિકનિક માટે જવાનો છે. તો,કઈ તારીખે તે પિકનિક માટે જશે? _________________

ઙ) સીદને અચાનક જ યાદ આવે છે કે ૨૯ મી તારીખ થી તો તેમની પરીક્ષા શુરૂ થવાની છે. તો, જો આજ થી ગણતરી કરીએ, તો હવે પરીક્ષા કેટલા દિવસમાં શરુ થશે ? _____________.

**૧૪. આ પ્રિન્ટીંગની દુકાનમાં ₹૧૮ નો બેઝીક ચાર્જ લેવામાં આવે છે. ઉપરાંત પ્રત્યેક પોસ્ટરનાં પેકેટને છપાવવા માટે ગ્રાહકે પેકેટ દીઠ ₹૭ ચુકવવા પડે છે.**

**પોસ્ટર્સ**
₹૧૮ basic charge
₹૭ for each packet




દા.ત. એક બેન્ડ વાળા માણસને પોસ્ટરનાં ૨ પેકેટ છપાવવા હતા,

તો તેને  કુલ મળીને ₹૩૨ ચુકવ્યા. તેમાં ₹૧૮ (બેસિક ચાર્જ) હતો અને ૭+૭

ક) ટીનાને છાપેલા પોસ્ટરોનાં 3 પેકેટજોઈએ છે. તો તેણી તે માટે કેટલા પૈસા ચૂકવશે ?
_______________.

ખ) રઘુને છપાયેલા પોસ્ટરોના ૫ પેકેટ જોઈએ છે. તો, તે માટે તેને કેટલા પૈસા ચુકવવા પડશે?____________.

ગ) બિનાને છપાયેલા પોસ્ટરોના ૮ પેકેટો જોઇએ છે. તો તે માટે તેણી કેટલા પૈસાની ચુકવણી કરશે?_________________



TOGETHER IN DEVELOPMENT AND EDUCATION

TIDE
FOUNDATION


૮ દીપાવલી સેંટર, જૂની હાઈકોર્ટની પાછળ, ઈન્કમટેક્સ સર્કલ, અમદાવાદ. ૩૮૦૦૧૪

info@tideinternational.org

tideinternational.org

@togetherindevelopmentandeducation

+૯૧ ૭૦૪૧૦૯૪૦૮૨